Volume : 1 | Issue : 4 | Sep 2012 • ISSN No 2277 - 8160

Research Paper | Economics

# Higher Education: Some policy aspects of financial Provisions

## ઉચ્ચશિક્ષણ : નાંણાની જોગવાઈ અંગેના કેટલાંક નીતી વિષયક પાંસાઓ

Dr. K. B.Kankani
Associate Professor,Maharajakrunkumarsinhji Bhavnagar University,Bhvanagar

શિક્ષણ એ આર્થિક અને સામાજીક ઉત્પાદકિય મુડીરોકાણ છે. પૂર્વીય અને પાશ્ચાત્વ જગતના દેશોમાં એ બાબત ચર્ચિત છે કે શિક્ષણ એ રાજય (સરકાર) નું કાર્ય છે. ઘણાં વિકસતા દેશોમાં શિક્ષણનો પ્રસાર અને નાણાની જોગવાઈ માટે રાજય મુખ્ય ભાગ ભજવે છે. તેથી જ શિક્ષણનો વ્યાપ રાજકોષિય સાધનો પર આધાર રાખે છે. '૮૦ થી ૯૦ નાં દાયકાઓની શરૂઆતમાં ઘણા વિકસતા દેશોમાં મોટી આર્થિક કટોકટી અપનાવી તેમજ ઘણાં માળખાગત સુધારા અમલમાં મૂકયા. સશકત રાજકોષિય પરિસ્થિતિ પ્રાપ્ત કરવાની નીતિને લીધે અને તે માટે જાહેર ખર્ચના. રફાર દ્વારા (ઘટાડા) રાજકોષિય ખાદ્ય–આંતરિક ઉતપાદન (જીડીપી) નો ગુણોતર પ્રાપત કરવાનો એક માત્ર શકય ઉકેલ હતો.

ઘણાં કિસ્સાઓમાં નાંણાકિય વ્યવસ્થાઓ, શિક્ષણ પર જાહેર ખચના દૂર્વ્યયમાં પરિણમતી પણ જોવા મળે છે. પ્રાથમિક શિક્ષણ પરનું સામાજીક વળતર, માધ્યમિક શિક્ષકનાં સામાજિક વળતર કરતા અને માધ્યમિક શિક્ષણ પરનુ:સામાજીક વળતર ઉચ્ચ શિક્ષણના સામાજીક વળતર કરતા ઉચોદર ધરાવતાં હોવાનો પૂરાવા સાંપડયા છે. તેમ છતાં ઘણા વિકસતા દેશોમાં સરકારો પ્રાથમિક શિક્ષણના ભોગે ઉચ્ચ શિક્ષણમાં ઉચી સહાયો પૂરી પાડે છે. પણ ભારત અને તેના રાજય ગુજરાતની બાબતમાં નાણાની જોગવાઈ સામાજીક વળતરના સિધ્ધાંતને અનુસરતું જણાય છે. ઉચ્ચ શિક્ષણના ઘણા વિશિષ્ટ ક્ષેત્રોમાં રોકાણ અન્ય કરતા વધારે ખાનગી અને સામાજીક વળતર આપે છે. પરંતુ જાહેર ખચની વહેંચણીમાં સંપૂર્ણપણે અને ઘ્યાનમાં લેવામાં આવતું નથી. પરિણામે વિનિયન અને વાણિજયના વિષયમાં સ્નાતકોની ભરમાર અને અન્ય ક્ષેત્રોમાં અછત જોવા મળે છે. અનેક શિક્ષણવિદોએ શિક્ષણમાં રાજયનો હસ્તક્ષેપ આવકાર્યો છે. કારણ કે શિક્ષણપરની બાહય અસરો ઘણી છે. અહિં સામાજીક લાભો, વ્યકિતગત લાભોની તુલનામાં ઘણાં ઉચા છે. તેમજ સામાજીક ગુણોનાં સંદભે  ઈષ્ટમ શિક્ષણ અંગે બજાર નિષ્ફળ રહયું છે. ઉપરાંત શિક્ષણમાં તકોની સમાનતા અંગે ખાતરી મેળવવા સરકાર દ્વારા શિક્ષણ માટે નાણાંની જોગવાઈ આવશ્યક બને છે. ઉપરાંત શિક્ષણનો સંબંધ ટેકનીકલ કદ વિસ્તારના લાભ સાથે જોડાયેલ છે. એટલે ખાનગી સંસ્થા કે વ્યકિતઓ કરતા સરકાર દ્વારા તેનો પ્રસાર વધુ અસરકારક બને પણ તેનો અર્થ ચોકકસ રીતે એ તો નથી જ કે જો ખાનગી ક્ષેત્રને તક આપવામાં આવે તો તે વ્યવસ્થિત કાર્ય ન કરી શકે. અલબત નફાખોરીની બાબત વિચારવી પડે, પરંતુ જો શિક્ષણને ઉત્પાદકિય કે (કાર્યક્ષમ) મૂડી રોકાણ ગણવામાં આવતું હોય તો નફાનો હેતુ પણ સિધ્ધ થવો જ જોઈએ, સાથોસાથ પ્રતિકુળ આર્થિક પરિસ્થિતિઓ અને નવી આર્થિકનીતી જાહેર ખર્ચના ઘટાડા (મોટા ભાગના વિકસતા દેશો) તરફ સંકેત કરે છે. આ સમગ્ર સ્તરની નીતિઓની ચોકકસપણે પ્રાદેશિક ક્ષેત્રે પણ અસર જોવા મળશે.

પરિણામે કેટલાક અર્થશાસ્ત્રીઓએ ઉપરોકત પશ્નો સંદભે  ખાનગી કરણનું સુચન કરે છે. પરંતુ તેનું અમલીકરણ વિકાસના દરેક સ્તરે થવું જરૂરી છે. ઉપરોકત ખાનગીકરણ એટલે સરકારના કાર્યમાં કાપમુકી ખાનગી ક્ષેત્રનાં કાર્યમાં વ ધ્ધિ કરવી. આ સિધ્ધાંતનો અમલ સરકાર દ્વારા પૂરી પાડવામાં આવતી સેવામાં પણ તેનાં લક્ષણોની તીવ્રતા ઓછી કરી (જાહેર વસ્તુના સંદભે ) કરી શકાય.

ખાનગી કરણનું દબાણ :

શિક્ષણનાં ખાનગીકરણ માટેનાં કેટલાક જવાબદાર દબાણો છે. મહત્વના દબાણોમાં, સૌથી પ્રથમ દબાણ અસરકારકતા (કાર્યદક્ષતા) કે વ્યવહારૂતા છે. આ પ્રકારના હેતું એવું તંત્ર (સરકાર) ઉભુ કરવાનું છે કે જે ખર્ચની દ્રષ્ટિએ અસરકારક હોય. જયારે રાજકોષિય બોજમાં સરકારી પ્રવ તિઓ દ્વારા વધારો થતો હોય તથા કરવેરા પ્રત્યેની લોકોની અણગમાની વ તિમાં વધારો થતો હોય ત્યારે વૈકલ્પિક અને કાર્યક્ષમૈ કેલની જરૂરીયાત તીવ્ર બને છે. આવો ઉકેલ બે સ્વરૂપમાં હોઈ શકે, પ્રથમ એ કે સરકારી પ્રવ તિઓ પર ભાર મુકવો, જે જાહેર હિત કે રાજકીય દ્રષ્ટિએ વ્યવહારૂ નથી. તેથી જ વિશાળ દ્રષ્ટિવાળો અને વ્યુહાત્મ ઉકેલ જરૂરી બને અને તેવો વ્યુહાત્મક વૈકપિક અભિગમ જેના માઘ્યમથી શિક્ષણની ગુણવતામાં વધારો થાય એટલે ખાનગીકરણ જેના દ્વારા લોકોને તેમના ખર્ચનું વધુ વળતર મળે. ખાનગીકરણ દ્વારા એક તરફ કાર્યદક્ષતામાં વધારો કરવાનું વલણ હોય અને બીજી તરફ તેમાં જે સેવાની ગુણવતામાં સુધારો થતો હોય તે અંગેના ઘણા પુરાવાઓ પ્રાપ્ત થયા છે. અને તેથી જ પ્રત્યે જાગ ત લોકો ખાનગીકરણની તરફેણ કરે છે.

નીતી વિષયક મુદ ાઓ :

જુદી જુદી નીતીઓના મુદ ાઓ અને વિકલ્પો જુદા જુદા શિક્ષણવિદો દ્વારા સૂચવવામાં આવે છે. જેમાંથી અહી આપણે કેટલાક એવા વિકલ્પોની ચર્ચા કરીશું. જેની ઉપયોગીતા વિકસતા દેશો માટે વધારે છે.

(એ) ઉચ્ચશિક્ષણમાં જાહેરખર્ચની પુન:પ્રાપ્ત કરી અને શિક્ષણ માટે વહેંચણી સામાજીક વળતરના આધારે રાખવી.

(બ) શિક્ષણ માટે ધિરાણબજાર ઉભું કરવું. (મુળભુત રીતે ઉચ્ચશિક્ષણના સંદભે )

જાહેર ખર્ચની પુન : પ્રાપ્તી અને વહેંચણી :

જે દેશોમાં વિદ્યાર્થીઓ ટયેશન મુકત ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરે છે અથવા આંશિક ટયુશન ફી ભરે છે (કુલ ખર્ચ ઘ્યાનમાં લઈને), તેવા દેશોમાં મહત્વના પગલા૧પે ટયુશન ફિ માં વધારો કરવો જેથી ઉચ્ચ શિક્ષણના કુલ ખર્ચની મોટાભાગની પુન : પ્રાપ્તી થઈ શકે. ટયુશન મુકત અથવા આંશિક ટયુશન ફિ નો ખ્યાલ નીચી આવક ધરાવતા તેજસ્વી વિદ્યાર્થીઓ સુધી સીમીત કરવું જોઈએ. આના માઘ્યમથી કુલ આવકમાં ઘણો વધારો થશે. આજ પ્રકારની નીતી ઓછી તીવ્રતા સાથે માધમિક સ્તરે પણ દાખલ કરી શકાય.

પરંતુ આ ખ્યાલ પ્રાથમિક સ્તરે વિસ્તરી શકાય નહિ. અહિં સરકારની ભુમિકા સંપુર્ણપણે અગત્યની બને છે. જેના બે કારણો છે. (૧) મુડીવાદી બજારની અપુર્ણતા, (૨) બીજી માન્યતા કે આ શિક્ષણનો સામાજીક લાભ વિદ્યાર્થી સુધી સિમીત રહેતો નથી. અહિં પ્રથમ સુચન વાલીઓને ધિરાણ આપવું એ યોગ્ય છે. પરંતુ તેમાં બે મુશ્કેલી છે. (૧) પ્રાથમિક શિક્ષણ બાળક માટે લાભદાયક છે. પણ બાળક કાયદેસર રીતે કોઈપણ કરારમાં દાખલ ન થઈ શકે. (૨) વાલી દ્વારા શૈક્ષણિક પસંદગી ઉપર બાળકનો પ્રભાવ ઓછો હોય છે. જો આ પ્રશ્નો સામાજીક લાભ સાથે સંલગ્ન કરવામાં આવે તો રાજય દ્વારા નાંણાની જોગવાઈ અને સહાય વધારે યોગ્ય દેખાય છે.

(પ્રાથમિક શિક્ષણના સંદભે)

પુન : પ્રાપ્તી દ્વારા આવક અથવા રાજકોષિય સાધનોમાં આવકની વહેંચણી સામાજીક વળતરના આધારે કરવી જોઈએ. કારણ કે વધારાનું રોકાણની તુલના સામાજીક લાભની દ્રષ્ટીએ વૈકલ્પિક રોકાણ (ભૌતિક મુડી અને સામાજીક અંત : સ્તરીય માળખુ) સાથે કરી શકાય. આ નીતીના પરિણામે વધતી જતી ખાનગી નાણાંની જોગવાઈના લીધે એક બાજુ વિદ્યાર્થીઓની પસંદગી વખતે ગુણવતામાં વધારો થશે અને બીજી બાજુ સહાયના માઘ્યમથી સમાનતાનો ખ્યાલ પણ જળવાઈ રહે છે.

શિક્ષણ ક્ષેત્રે શાખા–બજારનો વિકાસ :

રાજકોષિય ઘટાડાને ઘ્યાનમાં રાખી જે મોટાપાયે ઉચ્ચશિક્ષણમાં જોવા મળે છે. તેના સંદભે નાણાંની જોગવાઈ માટે વધુ વ્યવહારૂ ઉકેલ ખાનગીક્ષેત્ર બને છે જેમાં વધુને વધાર્થીઓને લોન આપવી અને સરકાર દ્વારા અપાતી શિષ્યવ તિને મર્યાદિત બનાવવી જોઈએ. વિદ્યાર્થીના ભવિષ્યની આવક સામે ધિરાણ વિદ્યાર્થીઓને વર્તમાનમાં શિક્ષણની નાણાપુર્તિ કરી શકે. તેના વડે નીચી આવક ધરાવતા વિદ્યાર્થીઓની સમસ્યા પણ ઉકેલી શકાય અને નોંધણી ફકત પુરતી આવક ધરાવતા વિદ્યાર્થીઓ માટે જ સિમિત થતી અટકાવી શકાય. આ ઉપરાંત સરકાર નીચી આવક ધરાવતા વિદ્યાર્થીઓને શિક્ષણ અને નિર્વાહ ખર્ચ માટે શિષ્યવ તિ આપી શકે.

પરંતુ આ માપદંડ લાંબાગાળે તેની વ્યવહારૂતા ખોઈ પ્રશ્નો ઉભા કરી શકે કારણ કે આમ થતા વધુ ને વધુ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ મેળવવા આગળ આવે. તેથી જ પુન : પ્રાપ્તી માટે એ જરૂરી છે કે વ્યાપક પ્રમાણમાં વિદ્યાર્થીઓને ધિરાણ અપાય અને જરૂરીયાત અને શૈક્ષણિક લાયકાત મુજબ મર્યાદિત શિષ્યવ તિ અપાય. તેના પરિણામે ઉચ્ચ શિક્ષણમાં વિદ્યાર્થીઓના ઉત્ક ષ્ટ દેખાવ જોવા મળશે અને ગરીબ વિદ્યાર્થીઓના નાણાબોજમાં ઘટાડો થશે.

વિકસતા દેશોમાં શૈક્ષણિક લોનનો વિચાર બહુ સ્વીક ત નથી. અલબત રાજકોષિય અવરોધો સમયાંતરે તેને પ્રકાશમાં લાવશે અને આ યોજનાઓના અમલીકરણમાં નાણાં પરત મેળવવા ખર્ચ ઉચા આવી શકે અને પ્રાથમિક સ્તરે આ ચોકકસ તેમજ નાંણા ભરપાઈ કરવામાં નિષ્ફળતા ઘણી હોઈ શકે. વિદ્યાર્થીઓને ધિાણ આપવામાં જો નાણાંકીય સંસ્થાઓ અયોગ્ય વ્યજના ઉચા દર ન રાખે તો ખર્ચ ઘણું જ ઉચું આવે, તેથી જ સરકારની આ લોન પરત કરવાની ખાતરી જરૂરી બને છે. માઘ્યમિક સ્તરે આ યોજના જટિલ બને કારણ કે ત્યાં ખર્ચ–આપૂર્તિ વધુ મુશ્કેલ બને. આ રીતે ધિરાણ દ્વારા રાજય શિક્ષણમાં જરૂરી રોકાણ મેળવી શકે.

રાજયની ભૂમિકા :

શિક્ષણના ખાનગીકરણમાં મહત્વનો મુદ ો એ છે કે તેમાં રાજય(સરકાર) નું સ્થાન હું હશ ? એવા ઘણાં શિક્ષણવિદો છે જેઓ સરકારનાં ઉપરોકત નીતીમાં સ્થનના પરિપેક્ષ્યમાં ખાનગીકરણને આવકારે છે તો હવે પ્રશ્ન એ છે કે તે ભુમિકા કેવી હોઈ શકે. એડમ સ્મિથ જેવા પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ અને તેના અનુગામીઓ બજારતંત્ર દ્વારા મુકત સ્પર્ધાની તરફેણ કરે છે. અને તે ઘણી લાભકારક હોવાનું માને છે. આ અર્થશાસ્ત્રીઓ હંમેશા મુકત અર્થતંત્રને જ આવકારે છે. બીજી તરફ રોડબર્સ, કાર્લમાર્કસ વગેરે સમાજવાદીઓ રાજયના હસ્તક્ષેપ અને રાજયના મોટા ફાળાને મહતવ આપે છે. તેમના મતે 'સમાનતા' અને 'ન્યાય' ના જતન માટે સરકાર હંમેશા મહત્વની કામગીરી બજાવી પડે. પરંતુ આજે જયારે સાધનોની અછત હોય ત્યારે દરેક વખતે સરકાર દ્વારા નાણાંની જોગવાઈ મુશ્કેલ બને છે. ઉપરાંત રાજકોષિય અવરોધો પણ રાજયના ઓછા હસ્તક્ષેપ માટે જ દબાણ કરે છે. પણ અહિં મુખ્ય વિચાર શૈક્ષણિક સેવાઓ માટે બજારની નિષ્ફળતા છે. અને તેથી જ રાજયનો હસ્તક્ષેપ જરૂરી અને ત્યારબાદ ઉપરોકત બાબતના સંદર્ભે રાજયની ચુમિકા નીચે મુજબ થઈ શકે.

(અ) લાયકાત ધરાવતા કર્મચારીઓ જેવી પાયાની બાબતો શૈક્ષણિક સેવાઓ માટે ઉપલબ્ધ કરાય તે જોવું.
(બ) ખાનગી સંસ્થાઓને પાયાનું આંતરિક માળખું પ્રપ્ય બને તે જોવું.
(સી) નીચી આવક ધરાવતા સમુહોને ઘ્યાનમાં રાખી 'સમાનતા' નો ખ્યાલ અમલી બને તે જોવું.
(ડી) ખાનગી સંસ્થાઓ દ્વારા ધોરણો અને કાર્યક્ષમતા જળવાઈ રહે તે જોવું.
(ઈ) શિક્ષણની પ્રાપ્તી અંગેની વિષમતાઓ ન્યુનતમ કરવી.

શિક્ષણનાં ખાનગીકરણ તરફ ગતી કરતી વખતે આ કેટલાક મહત્વના કાર્યો છે જે સરકાર પાસે અપેક્ષિત. બધાજ નીતી સંગત વિકલ્પોને વધુ અસરકારક બનાવવા નીચેના મુદ ાઓ

ધ્યાનમાં લેવા જોઈએ.

(૧) પ્રર્વતમાન શિક્ષણ વ્યવસ્થામાં બિકાર્યક્ષમતાના સ્ત્રોતો (વ્યવસ્થા અને નાણાંની જોગવાઈના સંદર્ભે) જાણવા અને વિવિધ નીતીઓ દ્વારા તેમને દુર કરવાનાં માર્ગોનું વિશ્લેષણ કરવું.

(૨) ખર્ચની પુન : પ્રાપ્તીની વિભિન્ન શકયતાઓ તપાસવી. વધારાની આવકના પરિપેક્ષ્યમાં કૌટુંબિક સ્તરે શિાણ માટેના ખર્ચની તૈયારી તપાસવી.

(૩) વિવિધ નીતીઓ દ્વારા કાર્યક્ષમતા અને 'સમાનતા' માં સુધારાની કક્ષ માપવી.

ઉપરોકત નીતી અંગેના વિકલ્પો આર્થિક સુધારાઓ સંદર્ભે એવું સુચવતા નથી કે વિવિધ નીતીઓ એક સાથે જ અમલમાં લાવી શકાય. સુચિત સુધારાઓ વિવિધ સમયે વિવિધ પરિસ્થિતિમાં ધીરે ધીરે અમલી બનાવવા જોઈએ. દરેક દેશમાં તેના સામાજીક, આર્થિક અને રાજકીય પ્રવાહો મુજબ, તેમજ પ્રાદેશિક કક્ષાઓ મુજબ આ સમયગાળો ભિન્ન હોઈ શકે.

## REFERENCES

એરો કે. જે (૧૯૭૩) : હાયર એજયુકેશન એઝ એ ફિલ્ટર જનરલ ઓફ પબ્લીક ઈકોનોમિકસ ૨(૩) જુલાઈ, બેનસન સી.(૧૯૭૮) : ધ ઈકોનોમિકસ ઓફ પબ્લીક એજુકેશન, ૩, એડીશન, હાઉટન મિફલીન બોસ્ટન., બ્લોગ એમ. (૧૯૭૨) : એન ઈન્ટ્રોડકશન ટુ ઈકોનોમિકસ ઓફ એજુકેશન., કલામ કે.એસ.(૧૯૮૦) : ફાઈનાન્સ, કોસ્ટ એન્ડ પ્રોડકટીવીડટી ઓફ હાયર એજયુકેશન, ઈન્ટરઈન્ડિયા, ન્યુ દિલ્હી., કોહન ઈ. (૧૯૮૦): ધ ઈકોનોમિકસ ઓફ એજયુકેશન, રીવા. એડી. બાલીઝર., કુલચર એ. જે.(૧૯૮૦): ધ પોલીટીકલ ઈકોનોમી ઓફ સોશ્યલ પોલીસી, મેટ્રોપોલીટન, દિલ્હી., ગર્ગ વી.પી. (૧૯૮૫) : ધ કોસ્ટ એનાલીસીસ ઈન હાયર એજયુકેશન, મેટ્રોપોલીટન, દિલ્હી., જોષી કે. એમ.એન્ડ એન.બી.ઓઝા : પ્રાઈવેટાઈશન ઓફ એજયુકેશન, ઈસ્યુ એન્ડ ઓપ્શન, મંગલદીપ પબ્લીકકેશન, જયપુર., કુરલન્ડ એન. ડી. (૧૯૮૦) : અલ્ટરનેટીવ ફાઈનાન્સીગ મેનેજમેન્ટ ફોર લાઈફ લોગ એજયુકેશન યનેસ્કો હમબર્ગ., મસગ્રેવ આર. (૧૯૫૯) : ધ થીયરી ઓફ પબ્લીક ફાઈનાન્સ, મેકગ્રોવ હિલ, ન્યુયોર્ક., શત્રુઘ્ન એમ (૧૯૮૮) : પ્રાઈવેટાઈઝીગ હાયર એજયુકેશન, ઈકોનોમિકસ એન્ડ પોલીટીકલ વીકલી ૨૩(૫) ન્યુ દિલ્હી., તીલક જે.બી.જી.(૧૯૭૫) : કોસ્ટ એન્ડ ફાઈનાન્સીગ ઓફ એજયુકેશન, યુએનડીપી પ્રોજેકટ, સીડીએસ, થીરૂવનન્થપુરમ., તર્લ્ડ બેન્ક (૧૯૮૬) : ફાઈનાન્સીગ એજયુકેશન ઈન ડેવલોપીગ કન્ટ્રીઝ એન એકસપ્લોરેશન ઓફ પોલીસી ઓપ્શન, વર્લ્ડ બેન્ક વોશીગટન ડી.સી.